| Publication | Edition | Date | Page Number | Subject |
|---|---|---|---|---|
| Janmabhoomi | Mumbai | 27/10/2018 | 10 | Chippa |

# દસ વર્ષના બાળકની કથા ધરાવતી ફિલ્મ 'ચિપ્પા' મામીમાં દર્શાવાશે

સફદર રહેમાન દ્વારા લિખિત અને દિગ્દર્શિત ફિલ્મ 'ચિપ્પા'માં દસ વર્ષના બાળકની કથા છે. આ ફિલ્મને ૨૦મા મામી મુંબઈ ફેસ્ટિવલમાં ડિસ્કવરિંગ ઇન્ડિયા સેક્શનમાં દર્શાવવામાં આવશે. આ ફિલ્મમાં મુખ્ય પાત્ર બજવનાર બાળક સની પવારે અગાઉ ઓસ્કાર નોમિનેશન મેળવનારી ફિલ્મ 'લયન'માં અભિનય કર્યો હતો અને એણે આંતરરાષ્ટ્રીય સન્માન અને પુરસ્કાર મેળવ્યાં છે. આ ફિલ્મના અન્ય કલાકારોમાં ચંદન રોય સન્યાલ, મસૂદ અખ્તર, સુમીત ઠાકુર અને માલા મુખરજી છે. મામીમાં પ્રદર્શિત થયા બાદ ૨૦૧૯માં ફિલ્મ થિયેરમાં રજૂ થશે. જોકે એ પૂર્વે કેટલાક આંતરરાષ્ટ્રીય ફિલ્મ ફેસ્ટિવલ્સમાં એ દર્શાવાશે.




ફિલ્મ 'ચિપ્પા'માં રસ્તા પર રહેતા એક દસ વર્ષના બાળકની આકાંક્ષાની વાર્તા છે. તેના દસમા જન્મદિનની ઠંડીની રાતમાં તે સ્વોક્તિ દ્વારા પોતાના વિશ્વમાં બધાને લઈ જાય છે. આ દરમિયાન તેને પિતાનો એક પત્ર મળે છે એથી તે પોતાનું સ્વર્ગ સમાન ઝૂંપડું છોડીને પિતાની શોધમાં નીકળી પડે છે.